# નિયામકશ્રી, વિદ્યાર્થી કલ્યાણ
# આણંદ કૃષિ યુનિવર્સિટી
# આણંદ

## :: પરિપત્ર ::

આણંદ કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ કચેરીઓને જણાવવાનું કે ગુજરાત રાજ્ય યુનિવર્સિટી કર્મચારી રમતગમત અને સાંસ્કૃતિક મંડળ દ્વારા ગુજરાત રાજ્ય આંતર યુનિવર્સિટી સ્ટાફ ટુર્નામેન્ટ ૨૦૧૯-૨૦ નું આયોજન તા.૦૯-૧૦/૧૧/૨૦૧૯ દરમ્યાન સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર ખાતે થનાર છે. જે અંતર્ગત બેડમિન્ટન અને ટેબલ ટેનિસની રમતો યોજાનાર છે. સદર સ્પર્ધાઓમાં આણંદ કૃષિ યુનિવર્સિટીની ટીમ મોકલવાની હોવાથી આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતેના તમામ કર્મચારીઓને જણાવવાનું કે આ સ્પર્ધાઓમાં ભાગ લેવા ઇચ્છતા હોય તેવા તમામની પસંદગી તા.૧૭/૧૦/૨૦૧૯ ના રોજ ૧૬.૦૦ કલાકે યુનિવર્સિટીના સ્પોટ્સ કોમ્પલેક્ષ ખાતે રાખેલ છે. તો રસ ધરાવતા કર્મચારીઓએ સદર ટીમ પસંદગી માટે અચૂક હાજર રહેવાનું રહેશે.

વધુમાં ડિસેમ્બર/જાન્યુઆરી માસમાં સ્ટાફ ક્રિકેટ ટુર્નામેન્ટનું ગુજરાત વિદ્યાપીઠ, સાદરા ખાતે આયોજન કરવામાં આવનાર હોઇ અત્રેની યુનિવર્સિટીના કર્મચારીઓને તા.૧૫/૧૦/૨૦૧૯ થી યુનિવર્સિટીના સ્પોટ્સ કોમ્પલેક્ષ ખાતે કચેરી સમય બાદ ક્રિકેટની પ્રેક્ટીસ કરવા જણાવવામાં આવે છે. ક્રિકેટની રમત માટે કર્મચારીની હાજરી, ફિટનેસ તેમજ પર્ફોર્મન્સના આધારે પસંદગી સમિતિ દ્વારા પસંદગી કરવામાં આવશે. જે તમામને માન્ય રાખવાની રહેશે.

નિયામક
વિદ્યાર્થી કલ્યાણ

જા.નં.આકૃયુ/વિક/ ૨૦૬૯ /૨૦૧૯
તા: ૧૪/૧૦/૨૦૧૯

**નકલ રવાના:**

૧. આણંદ કેન્દ્રના સર્વે યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ તમામ અધિકારીશ્રીઓ/કર્મચારીઓને ધ્યાને લાવવા સારૂ.
૨. ફીઝીકલ ઇન્સ્ટ્રક્ટરશ્રી, બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આ.કૃ.યુ., આણંદ તરફ ઉપરોક્ત સ્પર્ધાઓ માટે ટીમની પસંદગી કરી આપવા વિનંતી.